18

१८/५/वि

સ.મ.મુ.ગાં.(એચ)-૧૮૮-૫૦૦-૬-૦૭

વિવિધ ખાતા મારફત ચાલતી જૂથ અકસ્માત વીમાયોજનાઓનું એકત્રિકરણ કરવા બાબત.

ગુજરાત સરકાર,
નાણાં વિભાગ
ઠરાવ ક્રમાંક : જવય–૧૦૦૪–૯૮૧(૨૧)–ઝ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : –૫–૨૦૦૭.
2 5 JUN 2007

વંચાણે લીધા :–

(૧)કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૧૧૯૫/૧૨૬૦/એમ(૩) તા.૧૨/૧/૧૯૯૬.
(૨)શ્રમ અને રોજગાર વિભાગના ઠરાવ ક્રમાંક:જીઆઇએસ/૧૦૯૫/૬૦૯/એમ(૨) ૮/૧/૯૬.
(૩)શિ.વિ.ના ઠરાવ ક્રમાંક:પીઆરઆઇ/૧૦૨૧/ઈએમ/૩૩૯/ક. તા.૧૫/૩/૨૦૦૨.
(૪)શિ.વિ.ના ઠરાવ ક્રમાંક:પરચ/૧૭૨૦/એઓએસ/૪૮૮/ખ તા.૧૪/૮/૨૦૦૦.
(૫)સા.વ.વિભાગનો ઠરાવ ક્રમાંક:૧૦૨૦૦/મંત્રી/૭૫/અ તા.૨/૭/૨૦૦૧
(૬)સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંક:દવસ/૧૦૨૦૦૦/મંત્રી–૭૫/અ તા.૨/૭/૦૧.
(૭)યુવક, સેવા અને સાંસ્કૃતિક વિભાગના ઠરાવ ક્રમાંક:યસપ/૧૦૯૫/૧૬૫૩/બ તા. ૩૦/૮/૯૬.
(૮)રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગના ઠરાવ ક્રમાંક:રમત/૧૦૯૮/૧૯૪૩/૧૧/બ તા.૩૦/૯/૯૯.
(૯)ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક:એઆઇએસ/૧૦૯૧/જીઓઆઇ/૩૬૫/પી તા. ૧૩/૩/૯૬, ૧૦/૬/૯૬.
(૧૦)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૨૦૦૫/૧૫૭૭/ગ તા.૨૫/૭/૦૫.
(૧૧)મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:નવસ/૧૦૨૦૦૬/૯૬૦/અ તા.૧૪/૬/૦૬.
(૧૨)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૦૫/ન.બા.૪/છ.૧ તા.૨૮/૩/૨૦૦૭.

૧૧૨૨ ડા/લે/૭

ઠરાવ :–

રાજયના જુદા જુદા વિભાગ દવારા તેના હસ્તગત ખાતાના વડાઓ મારફતે જુદી જુદી અકસ્માત વીમા યોજનાઓ અમલમાં છે. આ વિવિધ યોજનાઓમાં રાજય સરકાર જેટલું પ્રીમિયમ ભરે છે તેના પ્રમાણમાં લાભાર્થીઓને સરળતાથી વીમાનો લાભ મળતો નથી. આ યોજનાઓનો લાભ લાભાર્થીઓને વ્યાપક રીતે મળી શકે તેમજ યોજના હેઠળના લાભ બેવડાય

નહિ તેથી જુદી જુદી જૂથ વીમા યોજનાઓની યુનિફોર્મ પેટર્ન નકકી કરવા સરકારશ્રી દવારા અગ્રસચિવશ્રી, શ્રમ અને રોજગારની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ રાજય સરકારની જુદી જુદી વીમા યોજનાઓનો અભ્યાસ કરી તેનું સંકલન કરી એકત્રિત ગુજરાત સામુહિક જૂથ જનતા અકસ્માત વીમા યોજનાની સંકલિત વીમા યોજના તૈયાર કરી રાજય સરકારને મંજૂરી અર્થે રજૂ કરેલ સમિતિએ રજૂ કરેલ અહેવાલને આધારે રાજય સરકારે પુખ્ત વિચારણાના અંતે નીચે જણાવ્યા મુજબની યોજના મંજૂર કરેલ છે.

**૧. યોજનાનું નામ**

આ યોજના "ગુજરાત સામૂહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના" તરીકે ઓળખાશે.

**૨. યોજનાના અમલની તારીખ**

આ યોજનાનો અમલ નાણા વિભાગ, સબંધિત વિભાગો સાથે પરામર્શ બાદ નકકી કરે તે તારીખથી કરવામાં આવશે. આ યોજનાના અમલનો સમય સામાન્ય રીતે વીમા પ્રીમિયમ રકમ ચુકવાયાની તારીખથી એક વર્ષનો રહેશે અને ત્યારબાદ સરકારશ્રી દવારા વખતોવખત આ પોલીસી રિન્યુ કરવામાં આવશે.

**૩. યોજનાનો ઉદેશ અને વ્યાપ**

આ યોજનાનો ઉદેશ આ સાથે સામેલ કરેલપરિશિષ્ટ–૧માં આવરી લેવાયેલ વિવિધ કેટેગરીના લાભાર્થીઓને અકસ્માત મૃત્યુ/ઇજાના પ્રસંગે નિયત થયેલ વીમા વળતર ચુકવવાનો છે.

આ યોજનાના લાભાર્થીઓમાં પરિશિષ્ટ–૧માં સામેલ થયેલ અથવા ભવિષ્યમાં ઉમેરાતા લાભાર્થીઓને આવરી લેવામાં આવશે.

**૪. માસ્ટર પોલીસી**

ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના હેઠળ પરિશિષ્ટ–૧ની વિગતે આવરી લેવાયેલ તમામ કેટેગરીની એક જ માસ્ટર પોલીસી લેવામાં આવશે. આ પોલીસી લેવા માટે નાણા વિભાગ દવારા જાહેર અને ખાનગી ક્ષેત્રની સામાન્ય વીમા કંપનીઓ અથવા વીમા નિયામક પાસેથી ભાવપત્રક મંગાવી વીમા પોલીસી લેવામાં આવશે. અલગ અલગ લાભાર્થીઓની અલગ અલગ વીમા રકમ નકકી કરવામાં આવે તો દર લાખ રૂપિયે પ્રીમિયમનો દર મંગાવવાનો રહેશે.

વીમા કંપની પાસે વીમો લેવામાં આવે તો વીમા નિયામકની કચેરીનો સહ વીમા કરાર મુજબ ૪૫% ના સહ વીમા ફાળો નિયત કરવાનો રહેશે.

૧૮૫/ક



૫. ઓળખવિધિ

દરેક લાભાર્થીઓની ઓળખવિધિ જુદા જુદા ખાતાઓ દવારા હાલની યોજનાના ઠરાવની પ્રવર્તમાન જોગવાઈ મુજબ જે તે વિભાગના અમલીકરણ કરતા નોડલ ઓફિસરે કરવાની રહેશે.

૬. અકસ્માતની વ્યાખ્યા

"આપઘાત કે કુદરતી મૃત્યુ સિવાય બીજી કોઇપણ રીતે લાભાર્થીનું મૃત્યુ થાય કે કાયમી અપંગ બને તો આ યોજનાનો લાભ વીમા પોલીસીની શરતોને આધિન રહીને મળવાપાત્ર થાય." વીમા રક્ષણ હેઠળના લાભાર્થીનું મૃત્યુ અથવા કાયમી અપંગતાના કિસ્સામાં લાભાર્થીને વીમા સહાય ચુકવવા બાબતે વિવાદ ઉપસ્થિત થાય તો તે અંગે સરકારશ્રીના અધિકૃત સત્તાધિશ/કમિટીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૭. મૃત્યુ કે કાયમી અપંગતાને કારણે મળવાપાત્ર લાભ

આ ઠરાવ સાથે સામેલ પરિશિષ્ટ–૧માં આવરી લેવાયેલ યોજનાઓ/કેટેગરી હેઠળના લાભાર્થીઓને તેમના ક્રમ સામે કોલમ નં.૪ માં નિર્દિષ્ઠ કરેલ વીમારાશીની મહત્તમ મર્યાદામાં આ યોજના હેઠળ વળતર ચુકવવાપાત્ર રહેશે. સામાન્ય જૂથ અકસ્માત વીમા પોલીસીની શરતોને ધ્યાનમાં રાખી વીમા રકમ નીચે મુજબના સંજોગોમાં મળવાપાત્ર થશે.

(અ)અકસ્માતના કારણે મૃત્યુ/કાયમી, સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ૧૦૦%.

(બ)અકસ્માતને કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ/પગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦%.

(ક)અકસ્માતને કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦%.

(ડ)અકસ્માતને કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦%.

૮. વારસદારો

આ વીમા યોજના હેઠળ લાભાર્થીઓના વારસદાર તરીકે નીચે મુજબની વ્યકિતઓ ક્રમાનુસાર રહેશે.

| | | |
|---|---|---|
| અ | પતિ અથવા પત્ની | તેમની ગેરહયાતીમાં |
| બ | તેમના બાળક પુત્ર/પુત્રી | તેમની ગેરહયાતીમાં |
| ક | તેમના મા – બાપ | તેમની ગેરહયાતીમાં |
| ડ | તેમના પૌત્ર/પૌત્રી | ઉકત અ,બ,ક ની ગેરહયાતીમાં |
| ઈ | લાભાર્થી ઉપર આધારિત અને તેમની સાથે રહેતા અપરણિત અથવા વિધવા અથવા ત્યકતા બહેન. | |

ફ ઉપરોકત કિસ્સા સિવાયના તથા વિવાદાસ્પદ
કેસમાં સબંધિત લાભાર્થીને લાગુ પડતા
વારસાધારા હેઠળ જાહેર થયેલ વારસદારો.

ઉપરોકત કિસ્સામા જો વારસદાર સગીર હોય તો તેમના નેચરલ ગાર્ડીયન/કાયદેસરના વાલીને વીમા રકમનું ચુકવણું કરવાનું રહેશે.

## ૯. દાવા રજૂ કરવાની પ્રક્રિયા

આ વીમા રક્ષણના લાભાર્થીના વારસદારે ઉપસ્થિત થયેલ દાવા માટે નીચે મુજબની કાર્યવાહી અનુસરવાની રહેશે.

✡ લાભાર્થીના મૃત્યુના કિસ્સામાં ઉપરોકત (ક્રમ–૮) ના કિસ્સામાં જણાવ્યા મુજબના વારસદાર અથવા કાયમી અપંગતાના કિસ્સામાં લાભાર્થીએ પોતે અકસ્માત તારીખના ૯૦ દિવસમાં વિવિધ ખાતાએ તેમના નિયંત્રણ હેઠળની કચેરીના નિયત કરેલ સ્થાનિક નોડલ અધિકારી/સક્ષમ અધિકારીને આ યોજના હેઠળ નિયત કરેલ નમુનામાં લેખિતમાં જાણ કરવાની રહેશે.

✡ દાવા અરજીની સાથોસાથ નીચે મુજબના દસ્તાવેજો બીડવાના રહેશે.

**લાભાર્થીની ઓળખ માટે......**

(૧) ૭/૧૨ નો ઉતારો, ખેડૂતપોથી, ખેતમજૂરનું કાર્ડ, અસંગઠિત કામદાર હોવા અંગેનું પ્રમાણપત્ર, તલાટી–ક્રમ–શ્રમ અધિકારીનું પ્રમાણપત્ર, શાળા–કોલેજ–ITI ના વિદ્યાર્થીનું સંસ્થાનું પ્રમાણપત્ર, રમતગમત સાંસ્કૃતિક વિભાગ તેમજ પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકૃત અધિકારીનું લાભાર્થી તરીકેનું લાગુ પડતુ પ્રમાણપત્ર. વિગેરે...

(૨) FIR

(૩) અધિકૃત તબીબનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ.

(૪) જન્મ–મરણ નોંધણી અધિકારીનું મરણનું પ્રમાણપત્ર.

(૫) કાયમી અપંગતાના કિસ્સામાં સબંધિત જિલ્લાંના સિવિલ સર્જન / સ્થાનિક અધિકૃત તબીબી અધિકારીનું પ્રમાણપત્ર.

(૬) જરૂર હોય ત્યાં ઉમરનો પુરાવો. (વીમા યોજનાના લાભાર્થીની મહત્તમ વયમર્યાદા રહેશે નહિ).

(૭) અસાધારણ કેસમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટની અશકયતાના કિસ્સામાં જિલ્લા કલેકટરશ્રીનું પ્રમાણપત્ર.

યોજનાના અમલ માટે સબંધિત ખાતાના વડાએ સ્થાનિક કક્ષાએ તેમના નિયંત્રણ હેઠળની કચેરીના અધિકારીને અધિકૃત કરવાના રહેશે.

૧૦. નોડલ અધિકારીની જવાબદારી

ઉપરોક્ત ક્રમ–૧માં જણાવ્યા મુજબ નિયત નમુનાની અરજી જરૂરી પુરાવા સાથે મળેથી સબંધિત ખાતાના યોજનાની અમલવારી કરતા અધિકારીએ અરજીની સંપૂર્ણ ચકાસણી કરી નિર્દિષ્ઠ કરેલ નિયત નમુના મુજબના પ્રમાણપત્ર સાથે દાવાનો નિકાલ કરવા પ્રમાણપત્ર સહિત અરજી વીમા કંપનીને મોકલી આપવાની રહેશે.

૧૧. દાવા પતાવવાની કાર્યવાહી

મૃત્યુ અથવા કાયમી અપંગતાના કિસ્સામાં (સક્ષમ/નોડલ અધિકારીશ્રીએ) અરજી મળ્યા તારીખથી ૩૦ દિવસની અંદર જરૂરી ચકાસણી અને નિયત પ્રમાણપત્ર સાથે ચુકવણીના હેતુસર વીમા કંપનીને મોકલી આપવાની રહેશે. અરજીની સાથે અપૂરતા દસ્તાવેજોના કિસ્સામાં કચેરીએ અરજી જરૂરી વાંધા સાથે શકયતઃ પ્રાથમિક તબકકે જ અથવા વધુમાં વધુ ૩૦ દિવસની અંદર જ લાભાર્થીને પુર્તતા સારૂં પરત કરવાની રહેશે.

વીમા કંપનીએ દાવા અરજી સહિત તમામ પેપર મળ્યા તારીખથી ૬૦ દિવસની સમયમર્યાદામાં દાવા રકમની ચુકવણી કરવાની રહેશે. વીમા કંપનીઓ દવારા દરમાસે ચુકવાયેલ દાવાઓની વિગતવાર માહિતી સબંધિત ખાતા તેમજ વીમા નિયામકની કચેરીને પૂરી પાડવાની રહેશે.

નામંજૂર થયેલ દાવાના કિસ્સામાં અરજદારને કારણો સહિત સબંધિત સક્ષમ અધિકારીની જાણ હેઠળ માહિતગાર કરવાના રહેશે. વીમા કંપનીએ આવા નકારાયેલ દાવાની વિગતનું પત્રક કારણો સહિત નિયત પત્રકમાં વીમા નિયામકની કચેરીને પ્રતિમાસે મોકલવાનું રહેશે.

૧૨. સબંધિત યોજનાના ખાતાના વડાની કચેરીએ દર બે માસે તેમના ખાતાની યોજનાનો એકત્રિત અહેવાલ વીમા નિયામકની કચેરીને કરવાનો રહેશે.

નામંજૂર થયેલ દાવાઓ / વિવાદાસ્પદ દાવાઓમાં જરૂર જણાયે સબંધિત ખાતાના વડા/વીમા કંપનીના અધિકારી તેમજ વીમા નિયામકની કચેરીના અધિકારીની સમિતિ રિવ્યૂ કરશે. આ કમિટીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૧૩. આ યોજનામાં અલગ અલગ કેટેગરીના લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. એક કરતાં વધારે કેટેગરીનું પ્રતિનિધિત્વ ધરાવતા લાભાર્થીને આ યોજના અંતર્ગત એક જ કેટેગરી હેઠળ લાભ મળવાપાત્ર રહેશે. આમ, એક લાભાર્થીના કિસ્સામાં વીમા વળતરનું ચુકવણું બેવડાય નહિ તે સબંધિત નોડલ અધિકારીએ ખાતરી કરવાની રહેશે.

૧૪. આ યોજનામાં સમાવિષ્ઠ કરેલ બાબતો સિવાયની અન્ય બાબતો માટે સબંધિત વિભાગોએ યોજના અંગેના કરેલ ઠરાવો તેમજ તેમા નિર્દિષ્ઠ કરેલ લાભાર્થીની શરતો યથાવત રહેશે.

૧૫. અન્ય કોઈ વિભાગ ખાતા દવારા આવા હેતુસરની અન્ય કોઈ વીમા યોજના અમલમાં હોય અથવા ભવિષ્યમાં કરવામાં આવે તો તે તમામ યોજનાનો આ યોજનામાં સમાવેશ કરવાનો રહેશે.

૧૬. યોજનાનો ખર્ચ

આ કલ્યાણકારી જૂથ અકસ્માત વીમા યોજનાનો સમગ્ર વીમા પ્રીમિયમ ખર્ચ રાજય સરકાર ભોગવશે અને જે તે વિભાગના લાભાર્થીની સંખ્યાને લક્ષમાં રાખીને જે તે વિભાગની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

૧૭. આ યોજનાનો હેતુ સરકારશ્રીની તમામ યોજનાઓ એકત્રિત કરી વીમારાશીનો સ્પર્ધાત્મક લઘુત્તમ પ્રીમિયમ દર મેળવવાનો હોવાથી, આવરી લેવાયેલ તમામ યોજનામાં સમાવેશ લાભાર્થીની સંખ્યાના પ્રમાણમાં પ્રીમિયમની રકમ ચુકવણી કરવાની રહેશે.

૧૮. આ યોજનાની સમગ્ર અમલીકરણ પધ્ધતિ (મોડાલીટી) નાણા વિભાગ અલગથી નકકી કરશે. અને સમયાંતરે તેમાં જરૂરી ફેરફાર નાણા વિભાગ / નાણા વિભાગના અધિકૃત અધિકારી કરી શકશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શૈલેષ પટેલ )
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
* માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* માન. મંત્રીશ્રીઓ / રાજયકક્ષાના મંત્રીશ્રીઓ / નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.

184

૨૫/૫/૦૭

૭

માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત રાજય તકેદારી આયોગ, ગાંધીનગર.

સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.

અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો.

સર્વે કલેકટરશ્રીઓ.

સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ–૧), ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી ( એ. એન્ડ ઈ.), ગુજરાત રાજય, પો.બો.નં.૨૨૦, રાજકોટ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ–૨), ગુજરાત રાજય, રાજકોટ.

નિવાસી હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.

નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.

પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર / વડોદરા / નર્મદા.

વીમા નિયામકશ્રી, વીમા અને લેખા ભવન, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, જુના સચિવાલય, ગાંધીનગર.

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડન્ટ ફંડ, જુના સચિવાલય, ગાંધીનગર.

તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીઓ,

ગુજરાત રાજય નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.

સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.

સર્વે બોર્ડ / કોર્પોરેશન.

નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ – નાણા સલાહકારશ્રીઓ.

નાણા વિભાગની સર્વે શાખાઓ (નાણા શાખાઓ સહિત).

પસંદગી ફાઇલ, ઝ–શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

<u>ક – વર્ગ ફાળવણી.</u>

* પત્ર દવારા

નં.સસગ/વિમાપોલીસી/૦૭-૦૮/૭૬૬૦
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક - ૧૬, જુના સચિવાલય, ગાંધીનગર
તા. ૬-૯-૨૦૦૭

નકલ સવિનય રવાના:

૧. સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.
૨. વિકલાંગોના કલ્યાણક્ષેત્રે કાર્ય કરતી સર્વે સરકારી/સ્વૈચ્છિક સંસ્થાઓને
૪. સંબંધિત ફાઇલ  ૩. સર્વે જિલ્લા કલેકટર શ્રીઓને

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## પરિશિષ્ટ – ૧

### ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના હેઠળ આવરી લેવાયેલ વિવિધ યોજનાઓ

| ક્રમ | યોજનાના લાભાર્થી | લાભાર્થીની યોગ્યતા | વીમા કવચની રકમ | કયા રીસ્ક આવરી લેવાય છે? |
|---|---|---|---|---|
| ૧ | ખાતેદાર ખેડૂત | ૫ હેકટર કે તેથી ઓછી ખેતીની જમીન ધરાવતા ખાતેદાર ખેડૂત | ૧,૦૦,૦૦૦ | અકસ્માત મૃત્યુ અગર કાયમી સંપૂર્ણ અગર કાયમી આંશીક અપંગતા |
| ૨ | અસંગઠિત જમીન વિહોણા મજૂર | શહેરી તેમજ ગ્રામ્ય ૧૪ વર્ષથી ઉપરના મજૂરો | ૧,૦૦,૦૦૦ | " |
| ૩ | "વિદ્યાદીપ" પ્રાથમિક/માધ્ય./ઉ.માધ્ય. શાળાના વિદ્યાર્થીઓ. | શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ | ૫૦,૦૦૦ | " |
| ૪ | "શહીદવીરકિનારીવાલા" કોલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ | કોલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ | ૧,૦૦,૦૦૦ | " |
| ૫ | ITI માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ | ITI નાવિદ્યાર્થીઓ | ૧,૦૦,૦૦૦ | " |
| ૬ | કૈલાસ માનસરોવરના યાત્રીઓ માટેનું વીમા કવચ | કૈલાસ માનસરોવરની યાત્રાએ જતાં તમામ ગુજરાતના યાત્રીઓ માટે | ૧,૦૦,૦૦૦ | " |
| ૭ | અમરનાથના યાત્રીઓ માટેનું વીમા કવચ | અમરનાથની યાત્રાએ જતાં ગુજરાતનાં યાત્રીઓ | ૧,૦૦,૦૦૦ | " |
| ૮ | સાહસિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતી વ્યકિતઓ માટેનું વીમા કવચ | રાજય યુવક બોર્ડ દવારા કેટલીક સાહસિક પ્રવૃત્તિઓ જેવી કે સમુદ્રતરણ તાલીમ, નદીકાંઠા, વનવિસ્તાર, સાગરકાંઠા, રણ તથા સરહદી વિસ્તાર પરિભ્રમણ, પર્વતારોહણ તાલીમ કોર્સ, બરફચઢાણ, શિખર આરોહણ જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર યુવક/યુવતિઓ માટે વીમા રક્ષણ | ૧,૦૦,૦૦૦ | " |
| ૯ | સ્પોર્ટસ હોસ્ટેલમાં રહેતા ટ્રેઈનીઝ માટેની વીમા યોજના | સ્પોર્ટસ હોસ્ટેલનાં ખેલાડીઓને વીમાનું કવચ પૂરું પાડવાની યોજના | ૧,૦૦,૦૦૦ | " |

૨૧૮

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | પોલીસ કર્મચારીઓની અકસ્માત વીમા યોજના | રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા તમામ પોલીસ કર્મચારીઓ માટે અકસ્માત વીમા કવચ.<br>Dy.S.P. અને ઉપરની કક્ષાના<br>PI/PSI/PSC કક્ષાના<br>H.C. અને કોન્સ્ટેબલ<br>ATS સ્ટાફ<br>CM સલામતી | <br><br><br>૫,૦૦,૦૦૦<br>૫,૦૦,૦૦૦<br>૪,૦૦,૦૦૦<br>૧૫,૦૦,૦૦૦ | " |
| ૧૧ | સફાઈ કામદાર અકસ્માત વીમા યોજના | સફાઈ કામદાર | ૧,૦૦,૦૦૦ | " |
| ૧૨ | નિરાધાર/વિધવા સહાય યોજના | નિરાધાર / વિધવા | ૧,૦૦,૦૦૦ | " |
| ૧૪ | વિકલાંગ અકસ્માત વિમા યોજના | રાજ્યના ૧.૦૦ લાખથી ઓછી આવક ધરાવતા વિકલાંગો | ૧,૦૦,૦૦૦ | " |

( શૈલજા પટેલ )
નાયબ સંચિવ
નાણા વિભાગ

૧૩૮